# આનંદાલય

## વાર્ષિક પરીક્ષા

## ધોરણ - ૭

विद्या सर्वार्थ साधिका

વિષય : ગુજરાતી | કુલ ગુણ : ૨૦

તા: ૧૯.૦૨.૨૦૨૪ | સમય : ૧ કલાક

નામ: ______________________________ ધોરણ: ______ ક્રમાંક : _________

**પ્રશ્ન:૧ નીચેના આપેલા પ્રશ્નોના જવાબ બે - ત્રણ વાક્યમાં લખો .** **૧×૮=૮**

૧ વિધાર્થીઓએ ગર્દભને જોઇને ધમાલ કરી ત્યારે રવીન્દ્રનાથ ટાગોરે વિદ્યાર્થીઓને શું કહ્યું તે જણાવો ?

૨ લુહારે પોતાના પુત્રને કડક ભાષામાં શું કહ્યું ?

3 શિષ્યોએ ગુરુ પરમાનંદૈયાને શા માટે પગ ધોવાની ના પાડી ?

૪ શિષ્યો શા માટે કુહાડો શોધવા લાગ્યા હતા ? તે જણાવો.

| |
|---|
| |
| |
| |
| |
| |

૫ સ્પર્શના આધારે હેલેનનું શિક્ષણ કેવી રીતે શરુ થયું ?

| |
|---|
| |
| |
| |
| |
| |

૬ હેલન દોઢ વર્ષની થઇ ત્યારે શું થયું હતું ? તે જણાવો.

| |
|---|
| |
| |
| |
| |
| |

૭ શ્રીકૃષ્ણ કેવા કેવા તોફાન કરે છે ?

| |
|---|
| |
| |
| |
| |
| |
| |

૮ જશોદા કૃષ્ણનો બચાવ કરવા શું કહે છે ?

| |
|---|
| |
| |
| |
| |
| |

**પ્રશ્ન:૨ સુચના પ્રમાણે જવાબ લખો.**

**(અ) નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દ લખો .** **૧×૨=૨**

| | | |
|---|---|---|
| ૧ | માતા | |
| ૨ | કૃષ્ણ | |

**(બ) નીચે આપેલા શબ્દોની સાચી જોડણી લખો.** **૧×૨=૨**

| | | |
|---|---|---|
| ૧ | અમેરીકા | |
| ૨ | પ્રગતી | |

**પ્રશ્ન:3 (અ) નીચે આપેલી ખાલી જગ્યા પૂરો .** **૧×૨=૨**

૧ આપણા દેશનું રાષ્ટ્રગીત ____________ કવિવર રવીન્દ્રનાથ ટાગોરની રચના છે.

૨ પિતાએ પુત્ર પાસેથી રૂપિયો લઈને ____________ માં ફેંકી દીધો.

**(બ) નીચે આપેલા શબ્દોનો ઉપયોગ કરી વાક્ય લખો.** **૧×૨=૨**

૧ સાદ

| |
|---|
| |

૨ લાડકો

| |
|---|
| |

**પ્રશ્ન:૪ નીચે આપેલી વાર્તાને વાંચીને પ્રશ્નોના જવાબ લખો. ૧×૪=૪**

જંગલમાં એક શિયાળ અને એક હરણ રહે. શિયાળ રોજ મનમાં વિચારે, આ હરણને મારીને ખાઈ જાઉં. પણ તે હરણના જેટલી ઝડપે દોડી શકે નહિ. આથી તેની ઈચ્છા પૂરી થતી નહિ. એક વાર શિયાળે એક યુક્તિ કરી. હરણના જવા આવવાના રસ્તે બેસીને ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યું. હરણે શિયાળને રડતું જોયું. એણે શિયાળને રડવાનું કારણ પૂછ્યું. શિયાળ કહે, "મારે કોઈ મિત્ર નથી. હું એકલો કેવી રીતે જીવું? મારે હવે નદીમાં ડૂબી મરવું છે." હરણને શિયાળ પર દયા આવી. તે શિયાળને કહે,"તને મરી ગયા પછી મિત્ર કેવી રીતે મળવાનો? જીવીશ તો મિત્ર મળશે. કોઈ ન હોય તો હું આજથી તારો મિત્ર, બસ ! "

શિયાળની યુક્તિ સફળ થઈ.પછી તો હરણ અને શિયાળ સાથે સાથે ફરવા લાગ્યાં. એ જંગલમાં એક કાગડો હરણનો મિત્ર હતો. તેણે હરણને શિયાળ સાથે જતું જોઈને પૂછ્યું, "દોસ્ત, દોસ્ત, તારી સાથે આ નવું કોણ છે?"હરણ કહે, "એ મારો નવો મિત્ર છે."કાગડો કહે, "કોઈને પૂરેપૂરો ઓળખ્યા વિના મિત્ર બનાવાય નહિ." આ સાંભળી શિયાળે કહ્યું: "કાગડાભાઈ, મિત્ર થયા પછી જ એકબીજાને ઓળખીએ ને! તમે પણ પહેલાં હરણને ક્યાં ઓળખતા હતા?" પણ કાગડાને શિયાળમાં વિશ્વાસ બેઠો નહિ. એક દિવસ શિયાળ હરણને એક ખેતરમાં લઈ ગયું. ત્યાં તેને સારું સારું ખાવાની ખૂબ મજા પડી ગઈ. પછી તો બંને મિત્રો રોજ એ ખેતરમાં જવા લાગ્યા. ખેતરમાં પાકનો બગાડ થતો જોઈ ખેતરના માલિકે એક દિવસ ખેતરમાં જાળ નાખી. હરણ એમાં ફસાઈ ગયું. શિયાળની યુક્તિ સફળ થઈ. હરણ જાળમાં જ મરી જાય એની રાહ જોતું શિયાળ થોડે દૂર સંતાઈને બેસી ગયું.

કાગડાએ હરણને જોયું નહિ તેથી તેને ચિંતા થવા લાગી.તે હરણને શોધવા નીકળી પડ્યો. ઊડતાં ઊડતાં એણે પેલા ખેતરમાં હરણને જાળમાં ફસાયેલું જોયું. કાગડાએ હરણને હિંમત આપતાં કહ્યું: " મિત્ર, તું ફિકર કરીશ નહિ. તું મડદા જેવો થઈને પડ્યો રહેજે. હું 'કા કા' બોલું એટલે તું દોડવા માંડજે." થોડી વાર પછી ખેતરનો માલિક ત્યાં આવ્યો. તેણે જાળમાં મરેલા હરણને જોયું તેણે જાળ ઉપાડી લીધી. તે જ વખતે કાગડો 'કા કા' કરવા લાગ્યો. કાગડાનો અવાજ સાંભળી હરણે ઊભા થઈને દોડવા માંડ્યું. ખેતરના માલિકે આ જોયું એટલે તેણે હાથમાંની લાકડી હરણ પર ફેંકી. પણ હરણ દૂર નીકળી ગયું હતું એટલે બચી ગયું. શિયાળ બાજુમાં જ

સંતાઈને બેઠું હતું. હરણ ભાગ્યું એટલે શિયાળ પણ ભાગવા માંડ્યું. ત્યાં તો ધડામ કરતી ખેડૂતની લાકડી વાગી શિયાળના માથા પર અને શિયાળના ત્યાં જ રામ રમી ગયા. પછી હરણ અને કાગડાએ ખાધું, પીધું ને મોજ કરી.

૧ જંગલમાં રહેતું શિયાળ રોજ મનમાં શું વિચારતું હતું ?

| |
|---|
| |
| |
| |
| |

૨ હરણે શિયાળને રડવાનું કારણ પૂછતાં શિયાળે શું કહ્યું ?

| |
|---|
| |
| |
| |
| |

૩ કાગડાએ હરણને શું સલાહ આપી.

| |
|---|
| |
| |
| |
| |

૪ કાગડાને હરણની ચિંતા થતા તેણે શું કર્યું ?

| |
|---|
| |
| |
| |
| |